# ગાંધીનગર આસપાસમાં જામેલા શ્રાવણીયા જુગાર પર પોલીસનો સપાટો

## સે. ૨૪, સરગાસણ અને ડભોડામાં દરોડો : ૧૧ મોબાઈલ, ૭૪ હજાર રોકડા સહિત ૩.૧૦ લાખના મુદ્દામાલ સાથે ૨૨ જુગારીઓની ધરપકડ

### સરગાસણ પાસે દરોડામાં પકડાયેલા શખ્સો

- સંગનામ હાથીભાઈ ભરવાડ, રહે. સે. ૪-બી. છાપરા
- દેવા નાગજી ભરવાડ રહે. સરગાસણ
- દશરથ કરશન રાવળ, રહે. સરગાસણ
- અમરત ગાંડા ભરવાડ, રહે. સે. ૪-બી છાપરા
- લક્ષ્મણ નાગજી ભરવાડ, રહે. સરગાસણ
- જયરામ ભેમા ભરવાડ, રહે. સે. ૪-બી છાપરા
- ઈન્દ્ર લક્ષ્મણ ગોહિલ, રહે. સે. ૧૨
- કરણ લાલભાઈ ભરવાડ, રહે. સે. ૪-બી છાપરા
- ભુપત ગેબા ભરવાડ, રહે. સે. ૪-બી, છાપરા
- સાહુ હિરા ભરવાડ, રહે. સે. ૪-બી છાપરા

### ● સે. ૨૪ ઈન્દીરાનગર છાપરામાંથી પકડાયેલા શખ્સો

- અજીત વરસંગ ઊર્ફે વશરામ સોલંકી રહે. ૩૭૪, ઈન્દીરાનગર, સે. ૨૪
- રસીક વરસંગ ઊર્ફે વશરામ સોલંકી, રહે. ૩૭૪, ઈન્દીરાનગર, સે. ૨૪
- રસુલ જમાલ બલોચ રહે. ૪૨૩, ઈન્દીરાનગર, સે. ૨૪
- રાજેશ કાન્તી પ્રજાપતી, રહે. ૪૩૦, ઈન્દીરાનગર, સે. ૨૪
- શરદ રાયચંદ સોલંકી, રહે. ૧૫૩, ઈન્દીરાનગર, સે. ૨૪

### ● ડભોડાના દરોડામાં પકડાયેલા શખ્સો

- પ્રતાપ ફતાજી પરમાર, રહે. લાખુભાનો વાસ, ડભોડા
- ગાંડા મંગાજી પરમાર, રહે. લાખુભાનો વાસ, ડભોડા
- વિનુ પથુભા પરમાર રહે. લાખાજીના મુવાડા
- પ્રહલાદ ગમાજી પરમાર રહે. લાખાજીના મુવાડા
- મફા વજાજી ઠાકોર, રહે. સરતાનપુરા
- રઈજી સોમાજી ઠાકોર, રહે. સરતાનપુરા
- પોપટ ગમાજી ઠાકોર, રહે. સરતાનપુરા

ગાંધીનગર, તા. ૧૨

સાતમ-આઠમને માત્ર બે દિવસ રહ્યા છે ત્યારે ગાંધીનગર શહેર તથા આસપાસના વિસ્તારોમાં ખોબચા શોધી શોધીને જુગારના શોખીનો શ્રાવણિયો રમવા ગોઠવાઈ જવા લાગ્યા છે. ત્યારે ગાંધીનગર પોલીસ પણ સક્રિય થઈને બાતમીઓને આધારે દરોડા પાડવા લાગી છે. ગાંધીનગર એલસીબી, સેક્ટર-૭ પોલીસ અને ડભોડા પોલીસે અલગ અલગ ત્રણ સ્થળોએ દરોડા પાડીને ૨૨ જુગારીઓને રૂ. ૩.૧૦ લાખના મુદ્દામાલ સાથે પકડી પાડ્યા છે. પોલીસે બોલાવેલા સપાટાથી શ્રાવણીયો જુગાર રમવાના શોખીનોમાં ફફડાટ મચી જવા પામ્યો છે.




ગાંધીનગર એલસીબીએ ગઈ સાંજે બાતમીને આધારે ઈન્દીરાનગર છાપરા સે. ૨૪ ખાતે દરોડો પાડીને પાંચ શકુનીઓને ૪ મોબાઈલ તથા રૂ. ૨૬,૨૦૦ રોકડા સહિત રૂ. ૨૮,૨૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા હતા. મોડી રાત્રે સે. ૭ પોલીસે સરગાસણ ખાતે પ્રમુખ રેસીડેન્સી પાસે ખેતરની ઓરડીમાં જુગાર રમતા ૧૦ જુગારીઓને ૭ મોબાઈલ, રૂ. ૪૫,૬૧૦ રોકડા તથા એક વેગનઆર ગાડી અને રિક્ષા તથા કુલ રૂ. ૨,૭૯,૧૧૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડ્યા હતા. જ્યારે ડભોડા પોલીસે ડભોડા ગામની સીમમાં સ્થિત જીઈબી પાછળ ખેતરમાં બાજી માંડીને બેસેલા સાત શકુનીઓને રૂ. ૨૮૯૦ ના રોકડ મુદ્દામાલ સાથે રંગેહાથ ઝડપી પાડ્યા હતા. ત્રણ વિવિધ દરોડામાં કુલ રૂ. ૩.૧૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરીને પોલીસે ૨૨ જુગારીઓ ઝબ્બે કરીને સપાટો બોલાવ્યો છે.

# ગાંધીનગર જિલ્લાના પૌરાણિક સ્વયંભુ આસુદેવ મહાદેવના દર્શનાર્થે શ્રદ્ધાળુઓની ભીડ ઉમટે છે

## મંદિરની બાંધણી એવી છે કે સૂર્યનું પહેલુ અને છેલ્લું કિરણ મૂર્તિ પર અવશ્ય પડે છે : આ દેવાલયમાં શિવલીંગ નથી પરંતુ કાળી મૂર્તિ છે : હજારો વર્ષ પુરાણા આ સ્થાપત્યમાં ૩૨ ઘુમ્મટ અને ૭૮ દરવાજા બનાવાયા છે

ગાંધીનગર, તા. ૧૨

પવિત્ર શ્રાવણ માસ મહાદેવજીની ઉપાસના માટે શ્રેષ્ઠ સમય ગણાય છે અને તેમાં પણ શ્રાવણીયો સોમવાર ભક્તો માટે ભગવાન સદાશીવની આરાધના માટે ખૂબ જ માનીતો ગણાય છે. ગાંધીનગર જિલ્લામાં અને નગરમાં આવેલ તમામ શિવાલયોમાં શ્રદ્ધાળુઓની ભીડ જામી રહી છે અને જેમ જેમ શ્રાવણ માસ તેની આગળ વધે છે તેમ તેમ આ જનમેદનીમાં વધારો થઈ રહેલો જોવા મળી રહ્યો છે. ગાંધીનગર જિલ્લાના અતિ પૌરાણિક ગણાતા જામળા ખાતેના સ્વયંભુ શિવાલય આસુદેવ મહાદેવ ખાતે પણ રોજ શ્રધ્ધાળુઓના ટોળેટોળા ઉમટી પડે છે અને ભગવાન ભોળાનાથના સૂર્યોદયનું પ્રથમ કિરણ અને સૂર્યાસ્તનું છેલ્લું પણ કિરણ ગર્ભગૃહમાં આવેલ મૂર્તિ પર અચૂક પડે છે. મંદિરમાં પીઠના ભાગે નીકળતા બે દરવાજા પણ છે. આ દેવાલયને કુલ ૭૮ દરવાજા છે અને તેમાં ૨૦ દરવાજા ઘુમ્મટવાળા છે. દેવાલયમાં કુલ ૩૨ નાના મોટા ઘુમ્મટ બનાવેલા છે. જેના કારણે અહીં પડઘા ખૂબ સુંદર રીતે સ્પષ્ટ સંભળાય છે. આ દેવાલય સંકુલમાં કાળ ભૈરવદાદા પણ સ્થાપિત છે જેને ગામ લોકો હાજરાહજૂર માને છે. આ ઉપરાંત ગણપતિ દાદા, હનુમાનજી અને રોટલીયા વીરની દેરી પણ આવેલ છે. અહિં ગામ લોકોએ નિલકંઠ મહાદેવનું નાનુ દેવળ હતુ તેનું જિર્ણોદ્ધાર કરીને હવે મોટુ ઘુમ્મટવાળુ શિવાલયનું નિર્માણ કર્યું છે. આ



દર્શન કરીને ધન્યતા અનુભવે છે.

ગાંધીનગરથી ૨૨ કિલોમીટરના અંતરે આવેલ આ મહાદેવનું મંદિર નયનરમ્ય વનરાજીમાં આવેલુ છે અને આ દેવાલયની બાંધણી સંવત ૧૩૫૬ પહેલાની એટલે કે આશરે ૭૦૦ વર્ષ પુરાણી હોવાનું માનવામાં આવે છે. આ શિવાલયની ખાસિયત એ છે કે અહીં કોઈજ લીંગ નથી કે પગની ખરી પણ નથી, માત્ર ખૂબ પૌરાણિક મૂર્તિ જ છે જેને શ્રદ્ધાળુઓ 'વાસુદેવ બાપા'ના નામથી ઓળખે છે. આ શિવાલયની આસપાસ એક કિલોમીટરની ત્રિજ્યામાં માત્ર ઘેઘુર વનરાજી જ પથરાયેલી જોવા મળે છે. આ શિવાલયના ત્રીજા માળે જટાધારી વીરની મૂર્તિ જોવા મળે છે તેમજ આ દેવાલયમાં શિવલીંગની જગ્યાએ વિષ્ણુ ભગવાન અને રણછોડરાયને મળતી આવતી કાળી મૂર્તિ બિરાજમાન છે. આ દેવાલય પર સ્થાપિત એક લેખ પરથી તેના હજારો વર્ષ પુરાણું હોવાના સંકેત સાંપડે છે.

આસુદેવ મહાદેવનું દેવાલય આશરે એક ફલાંગ લાંબુ અને ૫૦ ફૂટ પહોળું છે અને તેની ઉપર ૬૦ ફૂટ ઊંચું શિખર ધરાવતું મંદિર પ્રકારનું સ્થાપત્ય છે. આ દેવાલયનું પ્રવેશ દ્વારા માત્ર ચાર ફૂટનું હોવાથી દરેકને અહીં નમીને જ જવાથી પ્રવેશ મળે છે. આ મંદિરની બાંધણી વિશિષ્ટ પ્રકારની કરાઈ છે. જેના કારણે સ્થાપત્યને આવરી લેતો કોટ પણ આવેલો છે. જેના કારણે આ દેવાલયના બાંધણી એક રાજમહેલ જેવી ભાસે છે.

ગાંધીનગર જિલ્લાના આ પૌરાણિક સ્થાપત્ય ધરાવતા સ્વયંભુ શિવાલય પર ભલે હજુ પુરાતત્વ ખાતાની નજર ના પડી હોય પરંતુ અહીં શ્રાવણ માસના દરેક સોમવારે તેમજ પૂનમના દિવસે એક નાનો મેળો જામ્યો હોય તેટલી જનમેદની ઉમટી પડે છે. જો કે આ દેવાલય પર દર જન્માષ્ટમીએ અહીં વિશાળ મોટો મેળો ભરાય છે. જેમાં દૂર દૂરથી ભક્તો આસુદેવ મહાદેવ દાદાના દર્શનાર્થે પરિવાર સહિત ઉમટી પડે છે. આ મંદિરે જામળા ગામના બાળકોની બાબરી ઉતરાવાય છે તેમજ તેમના ભાણીયાઓની પણ વાળની લટ અહીં લેવાય છે. આ શિવાલયે નવરાત્રીમાં આસો સુદ એકમથી આઠમ સુધી નોરતાના ઉપવાસ કરવામાં આવે છે. જેમાં પ્રથમ ચાર નોરતા શ્રદ્ધાળુઓ એ માત્ર પાણી જ લેવાનું હોય છે અને બાકીના ચાર દિવસોમાં આંબલીના કાતરા અને સાકર ખાઈને ઉપવાસ કરવાના હોય છે. આવા કઠિન ઉપવાસમાં અહીં ક્યારેય કોઈ અણબનાવ બન્યો નથી તેવું આ મંદિરના ટ્રસ્ટના પ્રમુખ પ્રહલાદભાઈ પટેલે જણાવ્યું હતુ. આ મંદિરની વધુ એક વિશિષ્ટતા એ છે કે અહીં કોઈપણ પ્રસાદ ધરાવી શકાય છે.

# સે. ૨૬ બ્રહ્મસમાજ દ્વારા શિવ આરાધના

પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે ગાંધીનગરના સે. ૨૬માં સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા આઠ દિવસની શિવઆરાધનાનુંઆયોજન કરવામાંઆવ્યુંછે. આ શિવઆરાધના રોજ રાત્રે ૯ થી ૧૦ વાગ્યા દરમ્યાન વિવિધ યજમાનોને ત્યાં યોજાશે. આઠ દિવસની આ શિવ આરાધનામાં ભાગ લેવા નિચે મુજબના સરનામે શ્રદ્ધાળુઓને પધારવા નિમંત્રણ આપવામાં આવ્યુંછે.

- ૧૩-૮-૨૦૧૪ બુધવાર - રાજેન્દ્રભાઈ ત્રિવેદી - ૧૫૫/૨, કિસાનનગર
- ૧૪-૮-૨૦૧૪ - ગુરૂવાર - દિનેશભાઈ જાની - સી-૫૩, ગ્રીનસીટી
- ૧૫-૮-૨૦૧૪ - શુક્રવાર - ઉર્વશીબહેન પંડ્યા - ૨૯૨/૨, સેક્ટર-૨૫
- ૧૬-૮-૨૦૧૪ - શનિવાર - કેતનભાઈ જે. પંડ્યા - કે-૧૪, ગ્રીનસીટી
- ૧૭-૮-૨૦૧૪ - રવિવાર - નિખિલ એચ. શાસ્ત્રી - ૪૬૩/૧, કિસાનગર
- ૧૮-૮-૨૦૧૪ - સોમવાર - વૈભવ કે. જાની - ૬૩૦/૧, કિસાનગર

૧૯-૮- ૨૦૧૪ - મંગળવાર અને ૨૦-૮-૨૦૧૪ - બુધવાર - પ્રફુલ્લભાઈ પંડ્યા - કે-૮, ગ્રીનસીટી

# કોલેજમાં પ્રવેશ લેવા ધો. ૧૨ની નકલી માર્કશીટ રજુ કરનાર બે કિશોર સામે ફરીયાદ

## અધિકારીએ ફરીયાદ આપતા સે. ૭ પોલીસે ગુનો નોંધી અમદાવાદ ટ્રાન્સફર કર્યો

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાત યુનિવર્સિટીમાં કોલેજ કરવા માટે ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં રાંચરડા ગામમાં રહેતો અને અમદાવાદના દશક્રોઈ ગામમાં રહેતા બે સગીર વયના વિદ્યાર્થીઓએ ધો. ૧૨ની બનાવટી માર્કશીટ રજુ કરી પ્રવેશ મેળવ્યો હોવાનું યુનિવર્સિટીનાં ધ્યાને આવતા સંબંધીત સંસ્થાના અધિકારીને જાણ કરવામાં આવી હતી. જેના અધિકારીએ ફરીયાદ આપતા સે. ૭ પોલીસે બન્ને કિશોરો સામે ગુનો નોંધીને અમદાવાદ ટ્રાન્સફર કરી આપ્યો છે.

કલોલના રાંચરડા ખાતે રહેતો અને અમદાવાદના દસક્રોઈ ખાતેના શિલજ ગામમાં રહેતા બે સગીર વયના વિદ્યાર્થીઓએ શૈક્ષણિક સત્ર શરૂ થયું ત્યારે ગુજરાત યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવવા ધો. ૧૨ની નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઓપન સ્કૂલની માર્કશીટ જમા કરાવી હતી. આ માર્કશીટમાં ગોટાળઆ હોવાની શંકા જતા તપાસ કરી યુનિવર્સિટીએ નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઓપન સ્કૂલ, ગાંધીનગરના એસ.ઓ.ને જાણ કરી હતી. બન્નેએ જમા કરાવેલી માર્કશીટ બનાવટી હોવાનું ખુલતા એસઓ દિલીપરાજ નંદનવારે સે. ૭ પોલીસમથકમાં ફરીયાદ આપી હતી. જેને પગલે ગુનો નોંધીને બનાવ અમદાવાદનો હોવાથી યુનિવર્સિટી પોલીસને ટ્રાન્સફર કરી આપ્યો હતો.

# તાલુકા કક્ષાની રમતોમાં આર.જી. પટેલ કન્યા શાળાનું ઉત્કૃષ્ઠ પ્રદર્શન

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરના સેક્ટર-૧૬માં આવેલ મહાત્મા ગાંધી વિદ્યાલય ખાતે તા. ૬ઠ્ઠી ઓગસ્ટથી તા. ૮મી ઓગસ્ટ સુધી તાલુકાકક્ષાની રમત સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં અન્ડર-૧૯ અને અન્ડર-૧૭ વિભાગની કબડ્ડી, ખો-ખો અને વોલીબોલની રમતનો સમાવેશ થતો હતો. આ સ્પર્ધાની અન્ડર-૧૯ વિભાગની કબડ્ડીની રમતમાં આર.જી. પટેલ માધ્યમિક શાળાની ટીમ વિજેતા બની હતી. આ ઉપરાંત આ શાળાની ટીમે અન્ડર-૧૯ વિભાગમાં ખો-ખો અને બન્ને વિભાગમાં વોલીબોલની રમતમાં પણ વિજેતા પદ હાંસલ કર્યુ હતું. આમ શાળાના કુલ ૪૬ વિદ્યાર્થીઓની જિલ્લાકક્ષાની રમત માટે પસંદગી પામ્યા હતા.

આ ઉપરાંત શાળાના ૬ વિદ્યાર્થીઓ રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પસંદ થયા છે. જેમાં જીલ જોશી (ધો.૧૧), જાન્વી ડાભી (ધો.૧૧), નિધિ પટેલ (ધો.૯), શ્રદ્ધા સોલંકી (ધો.૧૧), દિવ્યા પટેલ (ધો.૧૧) અને ભૂમિકા રાઠોડ (ધો.૧૧)નો સમાવેશ થાય છે. તમામ વિજેતા વિદ્યાર્થીઓને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

# જિલ્લાકક્ષાની જીત-કુને-ડો સ્પર્ધામાં જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય વિજેતા

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરની જે.એણ. ચૌધરી કન્યા વિદ્યાલયે જિલ્લાકક્ષાની અન્ડર-૧૯ વિભાગની જીત-કુને-ડો રમતની સ્પર્ધામાં ઉત્કૃષ્ઠ દેખાવ કી વિજેતાપદ હાંસલ કર્યુ હતું. આ સ્પર્ધા જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય ખાતે યોજાઈ હતી. વિજેતા ટીમના સભ્યોમાં અંજના ચૌધરી, શીતલ ચૌધરી, પ્રિયાંશી ચૌધરી, હીના ડી. ચૌધરી, લક્ષ્મી ચૌધરી, હિના બી. ચૌધરી, વિધી ચૌધરી, જીન્ની ચૌધરી, હિતેષા ચૌધરી અને મનિષા ચૌધરીનો સમાવેશ થાય છે. આ વિજેતા ટીમ હવે રાજ્યકક્ષાની સ્પર્ધામાં વિદ્યાલયનું પ્રતિનિધિત્વ કરશે. શાળા પરિવાર વતી તમામ ખેલાડીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

## બળાત્કારના ગુનામાં વોન્ટેડ શખ્સ ઝડપાયો

રાજસ્થાનના ડુંગપુરમાં સ્થિત ધબોલા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા બળાત્કાર અને અપહરણના ગુનામાં ગાંધીનગર જિલ્લાનાં દહેગામ નજીક આવેલા કાનપુર ગામનો શખ્સ વોન્ટેડ હતો. રણજીત ધર્મેશ રાવલ નામના આરોપી શખ્સને ગાંધીનગર એલસીબી તથા રખિયાલ પોલીસે સંયુકત રીતે પકડી પાડયા છે. આરોપીની ધરપકડ કરીને રાજસ્થાન પોલીસને સોંપી દેવામાં આવ્યો છે.



ભાઈ બહેનના પ્રેમના પ્રતિક રૂપ રક્ષાબંધન પર્વની ઉજવણી નિમિત્તે આત્મનૂ ફાઉન્ડેશન દ્વારા તકવંચિત બાળકો સાથે ભાવનાસભર કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સેકટર-૧૩, ગાંધીનગરની શ્રમજીવી વસાહતના બાળકોને સંસ્થાના સભ્યોએ રાખડી બાંધી શુભેચ્છાઓ પાઠવી હતી નાની બાળાઓએ વસાહતાના નાના ભાઈઓને પ્રેમથી રાખડી બાંધી હતી. સંસ્થાના હોદેદારોએ બાળકોને રક્ષાબંધન પર્વનું મહત્વ, પ્રકૃતિ પર્યાવરણની જાળવણી માટે, સ્વચ્છતા આરોગ્યની ટેવો માટે તથા નિયમિત અભ્યાસ માટે પ્રોત્સાહક વાતો કરી હતી. બાળકોએ વાર્તાગીત વગેરેની રજુઆત કરી હતી. સંસ્થા દ્વારા બાળકોને પૌષટિક નાસ્તો આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે સંસ્થાના સર્વે સહયોગીઓ ઉપસથિત રહયાં હતાં.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૬

સૂર્યાસ્ત : ૭.૧૩

## તાપમાન

મહત્તમ : ૩૪.૦ ડિ.સે.

લઘુત્તમ : ૨૬.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૫ ટકા ● સાંજે ૬૨ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :

એન્ટરટેઈન્મેન્ટ : ૩.૩૦, ૬.૩૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :

એન્ટરટેઈન્મેન્ટ : ૧૨.૩૦, ૯.૩૦

: સ્ક્રીન-૩ :

હરક્યુલસ(અંગ્રેજી) (૩ડી) : ૬.૦૦

એન્ટરટેઈન્મેન્ટ : ૧૦.૦૦

સ્ક્રીન-૪ :

જીગર ઠંડા (તમીલ) : ૭.૦૦

કીક : ૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૫ :

કીક :૧૦.૦૦,

એન્ટરટેઈન્મેન્ટ : ૨.૦૦, ૫.૦૦, ૭.૪૫

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

એન્ટરટેઈન્મેન્ટ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

કીક : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

સ્ક્રીન-૩ :

કીક : ૧૨.૦૦, ૬.૦૦

એન્ટરટેઈન્મેન્ટ : ૩.૦૦, ૯.૦૦

## આપની આજ

**મેષ** : એન્જિનિયર, ટેકનોલોજી કર્મીઓ માટે ઉપલબ્ધિ ભાગ્યવર્ધક કાર્યો માટે યાત્રાના યોગ. નકામા તનાવથી દૂર રહેવું. સામાજિક સમસ્યાનો ઉકેલ પ્રાપ્ત થઈ શકશે.

**વૃષભ** : ભાગ્યવર્ધક રાજકીયક્ષેત્રે પદ પ્રતિષ્ઠા પ્રાપ્ત થઈ શકે છે. ખાનપાનમાં કાળજી રાખવી. પદોન્નતિ, ભૂમિ સંબંધી લાભ પ્રાપ્તિ થવાની વિશેષ સંભાવના. રાજય તરફથી વિશેષ લાભ.

**મિથુન** : યોગ્ય દિશામાં પ્રયત્ન કરવાથી અટવાયેલા નાણા પરત મળી શકશે. વરિષ્ઠ વ્યક્તિઓ તથા નીતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થશે.

**કર્ક** : આત્મવિશ્વાસમાં વધારો થશે. પદ- પ્રતિષ્ઠા સંબંધી વિવાદિત કાર્યોનો ઉકેલ લાવવા માટે યાત્રા-પ્રવાસ થઈ શકશે. ધર્મ, આધ્યાત્મ, ગહન શોધ સંબંધઈ શોધપૂર્ણ કાર્યોનો વિશેષ કાર્ય થશે.

**સિંહ** : મિલકત સંબંધી કાર્યોમાં સક્રિયતા વધશે. વ્યાપારિક ભાગીદારીઓમાં વિશેષ વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. ધાર્મિક સમસ્યાઓ પર વિચાર- વિર્મશ થઈ શકે છે.

**કન્યા** : કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ યાત્રા અને ભાગદોડ નો યોગ. કૌટુંબિક વિવાદા ઉભા ન થાય તેની કાળજી રાખવી. કોર્ટ- કચેરીના મુદ્દે સાવચેતી રાખવી.

**તુલા** : ધાર્મિક કાર્યોમાં આપના કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થશે. રાજકીય અને સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે. આર્થિક સ્ત્રોમાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે.

**વૃશ્ચિક** : રોજગારીના નવા રસ્તાઓ પ્રાપ્ત થશે. વ્યાપાર-વ્યવસાયિકક્ષેત્રમાં લાભ પ્રાપ્ત થવાની શકયતા છે. મંગળ પ્રસંગોમાં સમય પસાર થશે. સંચિત ધન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્ર દ્વારા નોકરીમાં ઉચ્ચસ્તરીય કાર્ય થઈ શકશે.

**ધન** : વેપારી સંબંધી કાર્યો માટે યાત્રાથી ભાગ્યોદય. આર્થિક કારણોથી, સામાજિક કાર્યોથી અવરોધની સંભાવનાઓ રહેલી છે. સુખ, સુવિધા, ભવન, વાહન સંબંધી કાર્યોમાં અધિનસ્થ કર્મચારીઓથી વિવાદ કરવો નહીં.

**મકર** : આપને વિશેષ ભાગ્યવર્ધક કાર્યો થઈ શકશે. નવા વ્યાપારમાં રોકાણ વિચારીને કરવું. કર્મક્ષેત્રમાં વિશેષ ભાગ્યવર્ધક યાત્રા, નવા કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. કલાત્મક ક્ષેત્રમાં વિશેષ યોગ બની રહ્યો છે.

**કુંભ** : સાહિત્ય જગતના લોકો માટે ઉપલબ્ધિ કારક સમય. ધર્મ આધ્યાત્મ, કૌટુંબિક, માંગલિક કાર્યોમાં નાણાં ખર્ચ થવાની શકયતાઓ છે. ગૂઢ, ધાર્મિક, કુટુંબમાં માંગલિક, આધ્યાત્મિક કાર્યો થઈ શકશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**મીન** : આપના દ્વારા વિવાદિત લંબિત પ્રકરણોને ઉકેલવા માટે કરેલી વિશેષ યાત્રા લાભ અપાવશે. વ્યાપાર -વ્યવસાયિક યાત્રાઓથી લાભ પ્રાપ્તિ થવાનો વિશેષ યોગ બની રહ્યો છે. મિત્રોનો સાથ સહકાર મળી રહેશે. કુટુંબ સંબંધી વિવાદ માનસિક કષ્ટનું કારણ બનશે.

## ચિરવિદાય

- સ્વ. પ્રતાભજી મથુરજી ઠાકોર (ઉ.વ.૬૬) મુ. ચાંદીસણા, તા.કલોલ, જી. ગાંધીનગર
- સ્વ.વિમલ જયપ્રકાશ તિવારી (ઉ.વ.૬૦) પ્રમુખ પાર્ક, બંગલો-૮૬, કોબા, તા.જી. ગાંધીનગર